| Publication: | Sandesh | Edition: | Ahmedabad |
| --- | --- | --- | --- |
| Published Date: | 28 Aug 2013 | Page No.: | 3 |
| | | Display: | 1/1 |


# તાતા બિઝનેસ ક્વીઝનાં વિજેતાઓ જાહેર




અમદાવાદ શહેર ખાતે જ્ઞાનલક્ષી સ્પર્ધા તાતા ક્રૂસીબલ બિઝનેસ ક્વીઝ ૨૦૧૩ના પ્રાદેશિક રાઉન્ડ યોજાયો હતો, કેટલાક તેજસ્વી માઇન્ડને સ્પર્ધા પૂરી પાડ્યા પછી ટ્રાઇટન કમ્યુનિકેશનનાં મહેશ માંજાવાલા, મયુર રાનાને સફળ વિજેતા તરીકે જાહેર કરાયા હતા, જે હવે મુંબઇમાં ૨૯ સપ્ટેમ્બરના રોજ યોજાનારી ઝોનલ ફાઇનલ્સમાં સામેલ થશે. આ સ્પર્ધામાં રનર્સઅપ તરીકે થરમેક્સ-બરોડાનાં આનંદ એસ. લડગાંઓનકર અને હેમંત પી. થોરાટએ રહ્યા હતા. આ સમારંભનાં મુખ્ય મહેમાન હેમંત કુલકર્ણીએ વિજેતા અને રનર્સઅપ ટીમને ૧,૦૦,૦૦૦ રૂ. અને ૫૦,૦૦૦ રૂ.નાં ઇનામો એનાયત કર્યા હતા. તાતા જૂથ, તાતા ક્રૂસીબલ ક્વીઝમાં સામેલ થનારા લોકો માટે દર વર્ષે ઇનામની રકમમાં વધારો કરે છે, આ વર્ષે અગાઉની ઇનામની રકમમાં અનુક્રમે ૭૫,૦૦૦ રૂ. અને ૩૫,૦૦૦ રૂ.ની વધારો કરવામાં આવ્યો છે.